# વડાગામ વિસ્તારમાં ૫ ડેન્ગ્યુના પોઝીટીવ કેસ મળતા ખળભળાટ

વડાગામ, તા.૧૨

કવોરી ઉદ્યોગ માટે પ્રસિધ્ધ વડાગામ પાસેના હીરાવાડી કંપા અને મોટી વાવ વિસ્તારમાં આજે એક સાથે ડેન્ગ્યુના ૫ કેસ પોઝીટીવ મળી આવતા ભારે ખળભળાટ મચી જવા પામ્યો હતો અને આરોગ્ય વિભાગના અધિકારી સહિત તાલુકા તંત્ર પણ દોડતું થઈ ગયું હતું. ડેન્ગ્યુમાં સપડાયેલા ચારેય દર્દીઓને સત્વરે મોડાસા અને ધનસુરાની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

મળતી માહિતી અનુસાર ધનસુરા નજીકના વડાગામની આસપાસ અનેક નાના નાના કંપા વિસ્તારો આવેલા છે. જયાં છેલ્લા ઘણા સમયથી ગંદકી અને ખુલ્લામાં કાદવ કીચડમાં તેમજ સંગ્રહ કરાયેલા પાણીની જગ્યામાં મચ્છરોનો ઉપદ્રવ વધવા લાગ્યો છે. મચ્છરોના કરડવાના લીધે હીરાખાડી કંપા અને મોટી વાવ વિસ્તારમાંથી આજે બે યુવતી, એક યુવાન, એક કિશોર અને એક દોઢ માસના બાળકને ડેન્ગ્યુનો પોઝીટીવ આવતા તાલુકાનું આરોગ્ય વિભાગ આ વિસ્તારમાં દોડી આવ્યું હતું અને ડોકટરોની ટીમે વધુ સારવાર માટે ધનસુરા અને મોડાસા સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ડેન્ગ્યુના ઝપાટામાં આવેલા હરેશ ધનજીભાઈ પટેલ (ઉ.વ.૩૫), સવિતાબેન સંદિપભાઈ પટેલ (ઉ.વ.૨૪) જનક પ્રમોદભાઈ પટેલ (ઉ.વ.૪) મંગુબેન દશરથભાઈ પટેલ અને દોઢ વર્ષના બાળકને ડોકટરની ટીમ દ્વારા સારવાર આપવામાં આવી રહી છે. એક સાથે ૫ ડેન્ગ્યુના પોઝીટીવ કેસ મળી આવતા ગ્રામ પંચાયતના કર્મચારીઓ પણ હરકતમાં આવી ગયા છે અને ગ્રામ્ય વિસ્તારમાં દવાનો છંટકાવ કરી રહ્યા છે.

## બનાસકાંઠામાં ૨૪મીએ સ્વાગત કાર્યક્રમ યોજાશે

પાલનપુર, તા.૧૨

બનાસકાંઠા જિલ્લામાં આગામી ૨૪મી ડિસેમ્બરે તાલુકા અને જિલ્લા કક્ષાનો સ્વાગત કાર્યક્રમ યોજાશે. તાલુકા સ્વાગત કાર્યક્રમ સંબોધન તાલુકાની મામલતદાર કચેરીએ સવારે ૧૦.૩૦ કલાકે અને જિલ્લા સ્વાગત કાર્યક્રમ કલેકટર કચેરી, પાલનપુર મુકામે ૧૦.૩૦ કલાકે યોજાશે. આ કાર્યક્રમમાં તાલુકા અને જિલ્લાના સ્વાગતના પ્રશ્નો-ફરિયાદોનો પણ સમાવેશ કરવામાં આવેલ છે. જેથી અરજદારના પ્રશ્નો-ફરિયાદો આ કાર્યક્રમમાં લેવામાં આવેલ છે. તે તમામ અરજદારોએ ઉપર મુજબની તારીખ અને સમયે હાજર રહેવા જણાવ્યું છે.

# ઉનાવા ગામમાં એક જ કોમના બે જુથો વચ્ચે અથડામણમાં બેને ગંભીર ઇજા

ઊંઝા, તા.૧૨

આજે વેપારી મથક ઊંઝા શહેરમાં સાંજના સમયે ભાંખર ગામના કેટલાક મુસ્લિમ શખ્સોએ ઉનાવા ત્રણ મુસ્લિમ યુવાનો પર હથિયારો વડે હુમલો કરતાં ત્રણ પૈકી બે જણાઓને ગંભીર ઈજાઓ થતાં તેઓને સારવાર માટે મહેસાણા હોસ્પિટલમાં ખસેડાયા હતા. આ બનાવને પગલે શહેરમાં ભારે નાસભાગ સાથે ભયની લાગણી ફેલાઈ હતી.

જાણવા મળ્યા મુજબ ઊંઝા નજીકના ઉનાવા ગામના મનોવર સૈયદ નામના યુવાન સાંજના સમયે ઊંઝા મામલતદાર કચેરીમાં કામ અર્થે આવ્યા હતા. અહીંથી તેઓ ગાડીમાં બેસીને બહાર નીકળ્યા હતા ત્યારે ત્રણ મોટરકારોમાં આવેલ ભાંખર ગામના કેટલાક ઈસમોએ તેમને હથિયાર બતાવી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી અને સોનાના દોરાની લૂંટ ચલાવી હતી. આ અંગે ઉનાવાના મુસ્લિમ યુવાન ફરિયાદ નોંધાવવા માટે ઊંઝા પોલીસ મથકે ગયા હતા. આ સમયે તેમના બે ભાણીયા પણ આવી ગયા હતા. દરમિયાન બે ભાણિયા પોલીસ મથક બહાર દુકાન પર પાણીની બોટલ લેવા નીકળ્યા હતા ત્યારે ભાંખરના કેટલાક ઈસમોએ બંને જણાએને ઉઠાવીને શહેરના ગાંધી ચોક વિસ્તારમાં લાવ્યા હતા અને અહીં પોલીસની હાજરી હોવા છતાં બંને જણાઓને માર માર્યો હતો.

બાદ મારનો ભોગ બનેલ બે ભાણીયા સરદાર ચોક વિસ્તારમાં દોડી આવતાં હૂમલાખોરોએ તેઓનો પીછો કરીને પુનઃ તેમના પર હુમલો કર્યો હતો જેથી બે જણાઓને શરીરે ગંભીર ઈજાઓ થતા સારવાર માટે મહેસાણા હોસ્પિટલમાં ખસેડાયા હતા.

શહેરમાં અચાનક બનેલ હૂમલાની ઘટનાને લીધે આસપાસના દુકાનદારો અને અન્ય લોકોમાં ભારે નાસભાગ સાથે ભયની લાગણી ફેલાઈ ગઈ હતી. અને ઘટના સ્થળે લોકોના ટોળા પણ ઉમટી પડયા હતા આ ઘટનાના શહેરીજનોમાં ઘેરા પ્રત્યાઘાત પડયા હતા. આ બનાવની જાણ થતાં જિલ્લાના ઉચ્ચ પોલીસ અધિકારીઓ પોલીસ કાફલા સાથે ઊંઝા દોડી આવ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે છેલ્લા કેટલાક વખતથી ઉનાવા અને ભાંખરના મુસ્લિમ સમાજના કેટલાક વ્યકિતઓ વચ્ચે તકરાર ચાલી રહી છે આથી જૂની અદાવતમાં આ બનાવ બન્યો હોવાનું ચર્ચાય છે.

# મોડાસાના ટીંટોઈ ગામ નજીક બીડકંપાની સીમમાં પતિએ પત્નીનું ઢીમ ઢાળી દીધુ

મોડાસા, તા. ૧૨

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના ટીંટોઈ ગામ પાસે આવેલ બીડકંપા ગામની સીમમાં વહેમીલા પતિએ ચારીત્ર્ય ઉપર શંકા રાખી પોતાની પત્નીને કપડા વડે ગુરૂવાર સવારે ઝઘડો કરી ગળે ટુંપો આપી હત્યા કરી નાસી જતાં મોડાસા તાલુકામાં ચકચાર મચી જવા પામી હતી. મોડાસા રૂરલ પોલીસે શંકાશીલ પતિને ઝડપી લઈ જેલના હવાલે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી.

અરવલ્લી જિલ્લામાં ખેતજુરી કરવા માટે મોટે ભાગે પંચમહાલ જિલ્લાના આદિવાસી લોકો પોતાના કુટુંબકબીલા સાથે ખેતર માલિકના ખેતરમાં ઘર બનાવીને રહેતા હોવાથી હત્યાનો ગુનો, ચોરી કરીને નાસી જવુ, ખેતરમાંથી ઉભો પાક તેમજ ખેતર માલિક જોડેથી ઉપાડ પેટે રૂપિયા ઉઘરાવી જેવી ઘટનાઓ વારંવાર બનતી હોય છે. આવી જ



(તસવીર : જય અમીન, મોડાસા)

એક ઘટનામાં પંચમહાલ જિલ્લાના લાંબોદરા ગામનો શ્રમજીવી પરિવાર ટીંટોઈ નજીક આવેલ બીડકંપા ખેતરમાં મજુરી અર્થે રહે છે. જેમાં ખીમાભાઈ રામાભાઈ નાયક પણ તેમની પત્ની સવિતાબેન સાથે રહી ખેતમજુરી કરતા હતા. પરંતુ પતિના શંકાશીલ અને વહેમીલા સ્વભવાના કારણે વારંવાર ઘર્ષણ થતુ રહેતુ હતુ.

પરંતુ ગુરૂવાર સવારે ખીમાભાઈ રામાભાઈ નાયકના મનમાં કીડો સળવળતા પોતાની પત્ની જોડે ઝઘડો કરી મગજમાં નિર્ધાર કરી ઓઢણી જેવા કપડાની મદદથી ગળે ટુંપો આપી દેતાં મહિલાએ બૂમાબૂમ કરી મુકી હતી. જેના પગલે આજુબાજુમાં ખેતમજૂરી કરતા શ્રમજીવીઓ દોડી આવ્યા હતા. પરંતુ મહિલાનું મૃત્યુ પામી હતી. આથી લોકોએ પતિને ઝડપી લેતા પ્રયત્નો કરે તેના પહેલા હત્યા કરી ખીમા નાયક ભાગી છુટ્યો હતો. જે અંગેની જાણ લોકોએ મોડાસા રૂરલ પોલીસ સ્ટેશને જાણ કરતાં મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનના પી.એસ.આી. ઝાલા ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને ખૂની આરોપીને ઝડપી પાડી મોડાસા રૂરલ પોલીસ સ્ટેશને હત્યાનો ગુનો નોંધી જેલને હવાલે કરી દીધો હતો.

## ઓધવ વિદ્યામંદિરના વિદ્યાર્થીઓ ધનસુરા પોલીસ મથકની મુલાકાતે

સુરક્ષા સેતુ સપ્તાહ ઉજવણી અંતર્ગત કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ ધનસુરા સંચાલિત ઓધવ વિદ્યામંદિર શાળાના વિદ્યાર્થીઓએ ધનસુરા પોલીસ સ્ટેશનની શૈક્ષણિક મુલાકાત લીધી હતી.

આ મુલાકાત દરમિયાન ધનસુરા પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. બારોટે માર્ગ વાહન વ્યવહાર તેમજ મહિલા સુરક્ષા વગેરે મુદ્દા ઉપર માહિતી આપી હતી. દરેક વિદ્યાર્થી માર્ગ સલામતી નિયમો તેમજ સુરક્ષા સેતુને સફળ બનાવવા માટેની પ્રતિજ્ઞા લેવડાવી હતી. તેમજ તેમના માતા-પિતા, કુટુંબીજનો તેમજ આજુ-બાજુના રહિશોને પણ આ બાબતે જાગૃતિ લાવવાના પ્રયાસમાં પણ ભાગ ભજવવાનું વચન લેવડાવ્યું હતું. આ બાબતે વિદ્યાર્થીઓની જિજ્ઞાસાપૂર્વક પુછાયેલા પ્રશ્નોના બારોટ તરફથી સંતુષ્ટ જવાબ આપ્યા હતા. શાળાના આચાર્ય શાળા પરિવારના સભ્યો, પ્રહલાદભાઈ પટેલ, કાર્તિકેયભાઈ પટેલે સર્વેને અભિનંદન પાઠવ્યા હતા.



ક્રિસમસ નજીક છે ત્યારે ચર્ચને શણગારવાની કામગીરી શરૂ થઈ ચુકી છે.

# ઉત્તર ગુજરાતમાં ખેરાલુ ખાતે સૌ પ્રથમ નારી કથા યોજાઈ

મહેસાણા, તા. ૧૨

મહેસાણા જિલ્લાના ખેરાલુ ખાતે ખેરાલુ કોલેજમાં નારીકથાનો પ્રારંભ રાજ્યના શિક્ષણ મંત્રીશ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ કરાવ્યો હતો. ઉત્તર ગુજરાતમાં સૌ પ્રથમ નારી કથા સ્ત્રી કથાકાર ડૉ. ટીના દોશી દ્વારા કરવામાં આવ્યો હતો. નારીકથા ૯ થી ૧૧ ડિસેમ્બર દરમ્યાન યોજાઈ હતી.

નારીકથાનો પ્રારંભ કરાવતા રાજ્યના શિક્ષણ મંત્રીશ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું કે સમાજમાં આ પ્રકારના લોકજાગૃતિ વિષયોની તાતી જરૂરીયાત છે. ડૉ. ટીના દોશી અને હરીભાઈ દેસાઈના આ પ્રયાસને બિરદાવ્યા હતા. સમાજમાં પ્રવર્તતી સમસ્યાઓ બાબતે લોકજાગૃતિ માટે વિવિધ પ્રયત્નો કરવામાં આવે છે. જેમાં ૧૦ વર્ષ પહેલાં ઉત્તર ગુજરાતમાં વૃક્ષ કથાની શરૂઆત થઈ હતી. આજે નારીકથા થકી નારીનું સન્માન અને ગૌરવ જાળવવાનો અનેરો અવસર પ્રાપ્ત થયો છે.

મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે નારી વિરતા અને વિદ્વતાની કથા છે. રાજ્ય સરકાર દ્વારા તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ મહિલાઓનો વિકાસ થાય અને પુરૂષ સમોવડી બને તે માટે વિવિધ યોજનાઓ અમલમાં મુકી હતી. સમાજમાં નારીને ગૌરવવંતનું સ્થાન મળે તે માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે.

આ પ્રસંગે નારીકથાકાર ડૉ. ટીના દોશીએ જણાવ્યું હતું કે નારીકથાનો વિચાર પ્રાચીન કાળની સ્ત્રીઓના વ્યક્તિત્વો ઉપર આવ્યો છે. આ સ્ત્રીઓ બિચારી બાપડી નહોતી. તેઓ શિક્ષિત અને સશક્ત હતી. નારી કથા પ્રચલિત નારીવાદથી પ્રેરાયેલી નથી. નારીની વેદના અને વ્યથાની કથા નથી પરંતુ તેના આત્મવિશ્વાસ અને આત્મસન્માનની કથા છે.

ડૉ. ટીના દોશી દ્વારા લિખિત સર્વપ્રથમ ભારતીય મહિલા વિશ્વકોશના પુસ્તકનું વિમોચન રાજ્યના શિક્ષણ મંત્રીશ્રીના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પુસ્તકમાં નારીની સાત વિભુતીઓની તેમજ નારી સન્માન અંગે વિશેષ ચર્ચા કરી છે.

નારીકથામાં જિલ્લા પંચાયત ઉપપ્રમુખશ્રી લક્ષ્મીબેન ઠાકોર, આરોગ્ય સમિતિના ચેરમેનશ્રી ભગવાનભાઈ, નગરપાલિકા ખેરાલુ પ્રમુખ, ચૌધરી હરીભાઈ દેસાઈ, રણછોડભાઈ ચૌધરી, કેશુભાઈ ચૌધરી, મોહનભાઈ દેસાઈ, જસ્મીનભાઈ, રાજુભાઈ સથવારા, મોંઘજીભાઈ, સરદારભાઈ ચૌધરી અને રામજીભાઈ દેસાઈ સહિત પદાધિકારીશ્રીઓ અને મોટી સંખ્યામાં શ્રોતાઓ ઉપસ્થિત રહ્યા હતા.

## નેશનલ ફોટોગ્રાફી સ્પર્ધાનું પરિણામ જાહેર


રમત-ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ હેઠળની ગુજરાત રાજય લલિતકલા અકાદમી, અમદાવાદ દ્વારા ફોટોગ્રાફી અને ફોટોગ્રાફરને પ્રોત્સાહન આપવાના હેતુથી છેલ્લા સત્તર વર્ષથી રાષ્ટ્રકક્ષાએ ફોટોગ્રાફી સ્પર્ધાનું આયોજન કરવામાં આવે છે. ચાલુ વર્ષે અકાદમી દ્વારા ૧૮મી નેશનલ ફોટોગ્રાફી સ્પર્ધાનું "ટેકનોલોજી એન્ડ યુથ ઈન્ડિયા અ સાઈનીંગ સ્ટાર" વિષય અંતર્ગત આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાતના શ્રી દિનેશ પી. શુકલ અને કલર કેટેગરીમાં પાવર ઓફ સ્ટીલ ટાઈટલ હેઠળ ગુજરાતના શ્રી સ્નેહ ભાવસારે પ્રથમ ઈનામ મેળવ્યું છે.

# ટાટમાં પાસ ઉમેદવારોને નિરીક્ષક બનવાની તક છે

## સિનયોરિટીના આધાર પર પ્રાથમિક શિક્ષકોને જ શિક્ષણ નિરીક્ષણ તરીકે પ્રમોશન મળવા પાત્ર રહેશે તેવો પરિપત્ર

અમદાવાદ, તા.૧૨

ગુજરાતમાં એચ. ટાટની પરીક્ષા પાસ થયેલા ઉમેદવારોને હવે પછી કેળવણી નિરીક્ષક તરીકે બનવાની તક આપવામાં આવશે. તેમણે સમગ્ર કારકીર્દી દરમિયાન આચાર્ય પદે ફરજ બજાવવાની રહેશે કારણ કે ગુજરાત સરકાર દ્વારા પરિપત્ર જાહેર કરી જણાવ્યુ છે કે માત્ર સિનિયોરીટીનાં આધારે પ્રાથમિક શિક્ષકોનેજ શિક્ષણ નિરીક્ષણ તરીકે પ્રમોશન મળવાપાત્ર રહેશે પ્રાપ્ત થતી માહીતી મુજબ ગુજરાત સરકારે તાજેતરમાં પરીપત્ર જાહેર કરીને માત્ર સિનીયર પ્રાથમીક શિક્ષક જ કેળવણી નિરીક્ષક બની શકશે તેવી સ્પષ્ટ થાય છે કે એચ. ટાટની પરીક્ષા પાસ કરીને સીધા આચાર્ય પદે નિમણુક પામેલા ઉમેદવારોને હવે પછી કેળવણી નિરીક્ષક બની શકશે નહી તેમને સમગ્ર કારકીર્દી દરમિયાન આચાર્ય પદેજ ફરજ બજાવવી પડશે આ મુદ્દે આક્રોસ સાથે નારજગી જોવા મળી રહી છે આચાર્ય નો દાવો છે કે શિક્ષણની પુરી લાયકાત સાથે એચ. ટાટની પરીક્ષા પાસ કરીને શાળામાં મુખ્ય શિક્ષક કે આચાર્ય તરીકે ઉમેદવારો જોડાતા હોય છે જેમને શિક્ષણ નિરીક્ષક બનવાની તક ન આપવી તે અન્યાય સમાન બબાત છે જો કે શિક્ષણ વિભાગે પોતાના પરીપત્રમાં સ્પષ્ટતા કરી છે કે માત્ર પ્રાથમિક શિક્ષક કે જેઓ કેળવણી નિરીક્ષક તરીકે સિન્યોરીટી ધરાવતા હશે તેઓ જ આ પોસ્ટ માટે પ્રમોશનને હકદાર ગણાશે જેથી બાકી નવી ઊભી કરવામાં આવેલ મુખ્ય શિક્ષકોની જગ્યાએ એચ.ટાટની પરીક્ષા પાસ કરીને આવ્યા છે તેઓ આ પ્રમોશનને પાત્ર ગણાશે નહી એટલું જ નહી તેમને આ પગાર ધોરણ માટે પણ હકદાર ગણવામાં આવશે નહી જેથી હવે મુખ્ય શિક્ષણ બનવા માટે નિયત કરાયેલી એચ.ટાટની ખાતાકીય પરીક્ષા પાસ ન કરી હોય તેવા પ્રાથમિક શિક્ષકોને નવ વર્ષ પૂરા થયા બાદ પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ મળવાપાત્ર રહેશે ઉલ્લેથનીય પછી કોઈ પણ શિક્ષક બને તો તેણે ટાટની પરીક્ષા આપવી કે પાસ કરવી ફરજીયાત નથી પરંતુ ઉચ્ચ પગાર ધોરણ મેળવવા માટે તેને ફરજીયાત બનાવાઈ છે.



# શબ્દાવલી - ૫૫૮૮

### આડી ચાવી

૧. ચાબુક, હંટર (૩)
૩. હોળી (૪)
૫. જોજન (૩)
૭. મિત્ર, દોસ્ત (૨)
૯. ગરજુડુ (૫)
૧૧. રીંગ, માથાનું બોરીયું (૩)
૧૩. રત્ન (૨)
૧૪. જેનો કોઇ જવાબ ન હોય તેવું (૪)
૧૭. એક રૂપિયો ને પચ્ચીસ પૈસા એટલે ... રૂપિયો (૨)
૧૮. ખુબ, ઘણા (૩)
૨૦. સામસામા સવાલજવાબ (૫)
૨૩. વહાણના તળીયે લોખંડની જાડી રીંગ (૨)
૨૪. ક્રિકેટની રમતમાં દાવ લેનારની જગ્યાએ દોડનાર (૩)
૨૫. સવાર, પરોઢ (૨)

### ઊભી ચાવી

૧. લીલા ધાણા (૪)
૨. માટલામાંથી પાણી કાઢવાનું પાત્ર (૨)
૩. કારીગરી, કસબ (૩)
૪. પ્રવાહ, પાણીની ધારા (૪)
૬. જગત, દુનિયા (૨)
૮. તબલા કે નરઘા વગાડવા તે (૬)
૧૦. યમ, જમડા (૨)
૧૨. ધૂળના નાના કણો (૨)
૧૫. ઊભા પાકને કાપવા જવું તે (૩)
૧૬. આળશ મરડવી તે (૪)
૧૭. પ્રભાત (૩)
૧૯. થાકવું તે, ... લાગવો (૨)
૨૧. બહાદુર (૨)
૨૨. ઔષધી (૨)

### શબ્દાવલી ૫૫૮૭ના જવાબ

**આડી ચાવી :-** (૧) અનરાધાર (૪) પોલો (૬) નુક્કડ (૭) બરફ (૮) ભર (૯) બાજરો (૧૧) આપવડાઇ (૧૩) પાવડો (૧૪) અવશ્ય (૧૫) બરોબરી (૧૮) ફડક (૧૯) ડીશ (૨૦) વારતા (૨૧) નીપજ

**ઊભી ચાવી :-** (૨) અનુભવ (૨) નક્કર (૩) રાડ (૪) પોર (૫) લોફર (૭) બરોડા (૯) બાપડો (૧૦) જવ (૧૧) આવશ્યકતા (૧૨) ઇલ્કાબ (૧૩) પાવડર (૧૪) અફવા (૧૫) બડી (૧૬) રોશની (૧૭) રીયાજ

## પ્રતિકૃતિ મુકાશે

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે ગત તા. ૧૭ મી જૂનનાં રોજ વડા-ધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ નર્મદા ડેમનાં દરવાજા મૂકવાની આપેલી મંજૂરીના દિવસે જ સ્વયં આ કામગીરીનો -રંભ કરાવ્યા બાદ આજે ૬ મહિનામાં બીજીવાર આ કામનું નિરીક્ષણ કરીને તે ખૂબ જ ઝડપથી થઇ રહયું છે. તેની માહિતી મેળવી હતી. હાલમાં ૧૭ પીયરનું કામ -ગતિમાં છે. બાકીનાં પીયરની કામગીરી ટૂંકસમયમાં હાથ ધરાશે. તેની વિગતો તેમને ડેમ સાઈટના વરિષ્ઠ તજજ્ઞોએ આપી હતી.

શ્રીમતી આનંદીબહેન પટેલે જણાવ્યું હતું કે, ડેમ સાઈટ ખાતે હાલ જુદા જુદા ત્રણ પોઈન્ટ ઉપર કામગીરી ચાલી રહી છે. જેમાં ડેમનાં દરવાજા મુકવા માટેની કામગીરી, તેને આનુષાંગિક કાર્યવાહિ અને શ્રેષ્ઠ ભારત ભવન નિર્માણની કામગીરી પણ ઝડપથી ચાલી રહી છે. ડેમનાં દરવાજા મૂકવાનું કામ સમયસર પૂર્ણ થશે, આ માટે કેન્દ્ર સરકાર તરફથી પૂરતો સહયોગ મળી રહયો છે.

## પ્રવાસી ભારતીય દિવસ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

તેમનું આ લોંજમાં પરંપરાગત સ્વાગત પણ કરવામાં આવશે.

મળતી વિગતો પ્રમાણે ૭મીએ સાંજે વિદેશ મંત્રી અને મુખ્યમંત્રીશ્રી દ્વારા મહેમાનોનું સ્વાગત કરાશે. ૮મીએ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી પ્રવાસી ભારતીય દિવસની ઉજવણીનો આરંભ કરાવશે જ્યારે નવમીએ રાષ્ટ્રપતિની ઉપસ્થિતિમાં સમાપન સમારોહ યોજવામાં આવશે તેવુ હાલ વિચારાઈ રહ્યું છે.

## સુશોભિત થવું જોઈએ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

મુખ્ય સચિવશ્રી અલોરિયાએ મુક્યો હતો.

તેમણે જણાવ્યુ હતુ કે વન વિભાગના અધિકારીઓ સાથે સુયોગ્ય સંકલનમાં રહી નગરોના બ્યુટીફીકેશનની કામગીરી વેગીલી બને તે જરૂરી છે. તેમણે વિવિધ સરકારી કચેરીઓ પર રોશની, માર્ગોની સફાઈ સહિતના અનેકવિધ મુદ્દાઓને લઈ ચર્ચાઓ કરી હતી.

આ બેઠકમાં વાયબ્રન્ટની સાથે સાથે પ્રવાસી ભારતીય દિવસની ઉજવણી કરવામાં આવનાર છે. તેથી કામગીરી વધુ રહેશે તેવો નિર્દેશ આપતાં જણાવ્યું હતું કે સુયોગ્ય સંકલન આવશ્યક છે.

માર્ગોની સફાઈની સાથે સાથે તેમણે સ્વચ્છતા અભિયાનનો પણ ઉલ્લેખ કરી સ્વચ્છતા અભિયાનને સઘન બનાવવા પર ભાર મુક્યો હતો.

# નલિયા હજુ ઠંડુગાર : લઘુતમ તાપમાન આઠ ડિગ્રી નોંધાયું

અમદાવાદ,તા. ૧૨

અમદાવાદ સહિત ગુજરાતભરમાં મિશ્ર સિઝનનો અનુભવ લોકો કરી રહ્યા છે જેના પરિણામ સ્વરુપે ઘણા લોકો જુદી જુદી બિમારીઓના સકંજામાં ફસાઈ રહ્યા છે. આજે પણ ગઈકાલની સરખામણીમાં તાપમાનમાં વ્યાપક ફેરફારો જોવા મળ્યા હતા. એકબાજુ નલિયામાં તાપમાન આંશિકરીતે વધીને આઠ ડિગ્રી થયું હતું જ્યારે ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં લઘુત્તમ તાપમાન ૧૫.૫ ડિગ્રી નોંધાયું હતું. આવી જ રીતે અન્ય વિસ્તારોમાં પણ તાપમાનમાં ઉતારચઢાવની સ્થિતિ જોવા મળી હતી. છેલ્લા કેટલાક દિવસથી નલિયામાં લઘુત્તમ તાપમાન ૧૦ ડિગ્રીની નીચે પહોંચી ગયું છે. રાજ્યના કેટલાક ભાગોમાં હળવા વરસાદી ઝાપટાની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગે આગાહી કરતા જણાવ્યું છે કે, ગુજરાતના કેટલાક ભાગો, દમણ, દાદરા નગર હવેલીમાં વરસાદી ઝાપટા પડી શકે છે. હવામાન વિભાગ તરફથી કોઇ પણ પ્રકારની ચેતવણી જાહી કરાઈ નથી પરંતુ એવું જાણવા મળી રહ્યું છે કે, હજુ તાપમાન ઉતારચઢાવની સ્થિતિ રહેશે. આજે રાજ્યમાં નલિયામાં સૌથી વધુ ઠંડી નોંધાઈ હતી.

ટચૂકડી જાહેર ખબર

**ટ્રક વેચવાની છે**

ચાલુ અને સારી કન્ડીશનવાળી
TATA 909 LPT
ટ્રક વેચવાની છે.
**મો. ૯૯૨૫૬ ૪૩૦૭૧**

## મોડેલ ડીસ્ટ્રીક્ટ બનશે

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

જિલ્લાને મોડેલ જિલ્લો બનાવવા માટે તેમણે દરેક વર્ષ દરમિયાન તમે શું કરવા માગો છો, કઈ ક્ષતિઓ રહી ગઈ, કયાં આપણે કાચા પડયા જેવા મુદ્દાઓને સમાવવાનો પણ આગ્રહ કર્યો હતો.

રાજયમંત્રીશ્રીએ આજે તેમની ચિંતન શિબિર બે ભાગમાં કરી હતી. તેમણે અધિકારીઓ સાથે ચર્ચા કર્યા બાદ શિક્ષક સંઘ, આચાર્ય સંઘ તેમજ શિક્ષણના અન્ય સંગઠનના હોદેદારો સાથે પણ અલગથી બેઠક કરી હતી.

સંઘોના પ્રતિનિધિઓ સાથેની બેઠકમાં તેમણે મોડેલ ડિસ્ટ્રીકટ બનાવવાની વાતનો ઉલ્લેખ કરી જણાવ્યું કે શિક્ષક તરીકેની જવાબદારી આપણા માટે સૌથી મોટી છે તે વાત ભૂલવી જોઈએ નહિ. બાળકોને માટે અક્ષર લેખન સહિત અનિયમિત બાળકો શાળાએ આવતા થાય તે માટે ફળિયા બેઠકો શિક્ષકો કરે તેવો આગ્રહ કર્યો હતો. તેમણે ઉપચારાત્મક વર્ગ સિવાયના પણ બાળકના સર્વાંગી વિકાસમાં શિક્ષકોની ભૂમિકા વિશે વિસ્તૃત વાતો કરી હતી.

રાજય શિક્ષણ મંત્રીશ્રીએ શાળા સંચાલકો સાથે તેમજ શિક્ષણના નિવૃત્ત અધિકારીઓ સાથે પણ અલગથી બેઠક કરી હતી.

આજની આ બેઠકોમાં કોમ્પ્યુટર લેબમાં જુના કોમ્પ્યુટરો બદલવા, નેટ કનેકશનો ઝડપથી શાળાઓને મળે તે માટે, ધો-૮ને અંતે નવમા ધોરણમાં પ્રવેશ પહેલાં પરીક્ષા યોજવી જોઈએ, પ્રજ્ઞા વર્ગખંડોની સંખ્યામાં વધારો કરવા, બાલા વર્ગની સખ્યામાં વધારો કરવા સહિતના વિવિધ મુદ્દાઓની ચર્ચાઓ પણ થઈ હતી.

રાજય સરકાર શિક્ષણની બાબતમાં સંપૂર્ણ સકારાત્મકતા સાથે ખુલ્લા મન સાથે આગળ વધી રહી હોવાનું શિક્ષણ મંત્રીએ જણાવ્યું હતું.

## જાહેર હરાજી

નિયામક (તાંત્રિક), ગુજરાત રાજ્ય ભૂમિ વપરાશ બોર્ડ, ગાંધીનગર હસ્તકની ડીઝલથી ચાલતી સને ૨૦૦૦માં ખરીદેલ ટાટા સુમો નં. જીજે-૧૮ - જી - ૧૧૯૨ની જ્યાં છે ત્યાં અને જેવી છે તેવી હાલતમાં જાહેર હરાજી કરવા તા. ૧૯/૧૨/૨૦૧૪ના રોજ બપોરના ૧૨-૦૦ કલાકે નીચે દર્શાવેલ સ્થળે નક્કી કરેલળ છે. રસ ધરાવતી વ્યક્તિઓને હરાજી પહેલા વધુ માહિતી - શરતો માટે પ્રસિદ્ધ થયા તારીખથી તા. ૧૮/૧૨/૨૦૧૪ના રોજ બપોરના ૧૫-૦૦ કલાક સુધીમાં નીચે સહી કરનાર સક્ષમ અધિકારીની કચેરી બ્લોક નં. ૧૧/૮માં માળેથી મેળવી લેવા વિનંતી છે. ડીપોઝીટની રકમ હરાજીના દિવસે નિમ્ન વિગતે નિયત કરેલ સ્થળે ૧૧-૦૦ વાગ્યા સુધીમાં જમા કરાવવાની રહેશે. ત્યારબાદ રકમ સ્વીકારવામાં આવશે નહીં. વાહનનું નિરીક્ષણ અને હરાજી સ્થળ : નિયામકશ્રી, પંડીત દિન દયાળ જમીન મોજણી અને મહેસૂલ વહીવટી સંસ્થા, સરવે કેમ્પસ, ખ-૫, સેકટર નં. ૧૪, ગાંધીનગરના કમ્પાઉન્ડ ખાતે કચેરી સમય દરમિયાન કરી શકાશે.

**સ્થળ : ગાંધીનગર**
**તા. ૧૧/૧૨/૨૦૧૪**

**સહી/-**
**નિયામક (તાંત્રિક)**
**ગુજરાત રાજ્ય ભૂમિ વપરાશ બોર્ડ**
**ગાંધીનગર**

**માહિતી/૧૯૩૨/૨૦૧૪-૧૫**

**ગુજરાત સરકાર**
**નર્મદા જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ**
**ઓન લાઈન જાહેર નિવિદા નં.૫ સને ૨૦૧૪-૧૫**

| | કામનું નામ | અંદાજીત રકમ |
|---|---|---|
| ૧ | સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકાના ચેકડેમો મરામત અને પુનઃ સ્થાપનની કામગીરી કુલ-૮ કામો | રૂ. ૪.૦૦ લાખથી ૪.૯૫ લાખ |
| ૨. | ઓન લાઈન ટેન્ડર ડાઉનલોડ / અપલોડની છેલ્લી તારીખ | તા. ૨૦/૧૨/૨૦૧૪ ૧૮-૦૦ કલાક સુધી |
| ૩. | ટેન્ડર ફી, બાનાની રકમ તથા અન્ય ડોક્યુમેન્ટ રજૂ કરવાની તારીખ | તા. ૨૨/૧૨/૨૦૧૪થી તા. ૨૬/૧૨/૨૦૧૪ ૧૬-૦૦ કલાક સુધી |
| ૪. | ટેન્ડર ખોલવાની તારીખ (ઓનલાઈન) | તા. ૨૯/૧૨/૨૦૧૪, ૧૨-૦૦ કલાક |

**કચેરીનું નામ અને સરનામું :-**
કાર્યપાલક ઈજનેરશ્રી, યોજના બાંધકામ વિભાગ નં.૩, હિંમતનગર, સિંચાઈ ભવન, દુર્ગા સાઈટ
ફોન નં. ૦૨૭૭૨-૨૪૫૦૫૬

વધુ વિગતો માટે કચેરી સમય દરમિયાન ઉપરોક્ત કચેરીનો સંપર્ક સાધવા તથા www.statetenders.com તેમજ www.nwr.nprocure.comની વેબસાઈટ જોવા વિનંતી છે.

**ક્રમાંક ના.મા.નિ./હિંમત/૩૩૯/૨૦૧૪**